---

**શહેરકોટડા પોલીસ સ્ટેશન પાર્ટ ''સી'' ગુ.ર.નં: ૧૧૧૯૧૦૪૧૨૫૦૩૦૨ /૨૦૨૫, પ્રોહી કલમ–૬૫(એ.ઈ), ૮૧, ૯૮(૨) મુજબના ગુનાના કામે આરોપી જીનીલભાઈ રીતેશભાઈ બજરંગે (છારા) નાઓની જામીન અરજી લગત હુકમ.**

---

(૧) જામીન અરજી વંચાણે લીધી. આરોપીના વકીલશ્રીને સાંભળ્યા. આરોપીના વિ.વકીલશ્રીએ તેમની દલીલમાં રજુઆત કરેલ છે કે, આરોપી તદ્દન નિર્દોષ અને બેગુન્હા છે, ખોટી રીતે સંડોવી દીધેલ છે, શહેર અમદાવાદમાં કુટુંબ સાથે રહીએ છીએ, નાસી ભાગી જઈએ તેવા નથી, દર મુદ્દતે કોર્ટમાં હાજર રહેવાની ખાત્રી આપે છે, કોર્ટ ફરમાવે તે શરતોનું પાલન કરવા, જામીન આપવા તૈયાર છે, આરોપી નિર્દોષ માણસ છે ખોટી રીતે અટક કરેલ છે અને આરોપી પુરતો સમય કસ્ટડીમાં રાખેલ હોય શરતોને આધિન આરોપીને જામીન પર મુકત કરવા અરજ ગુજારેલ છે.

(૨) વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા તેમજ વિ.એ.પી.પી.શ્રીએ તેમની દલીલમાં આરોપી પાસેથી વગર પાસેથી વગર પરમીટે ૫૪ લીટર દેશીદારૂ જેની કુલ કિં. રૂ.૧ ૦,૮૦૦/– ની મત્તાનો દેશીદારૂ મળી આવેલ હોઈ સદર મુદ્દામાલનો જથ્થો ધ્યાને લેતા સદર આરોપીની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૩) સદર કામે ઉભયપક્ષકારોની દલીલો સાંભળી રેકર્ડ વંચાણે લીધુ તેમજ કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લીધી. ગુજરાત સરકારશ્રી ધ્વારા ઓર્ડીનન્સ નં:૭/૧૬ ગુજરાત નશાબંધી (સુધારા)વટહુકમ ૨૦૧૬ કરવામાં આવેલ છે. સદર ઓર્ડીનન્સ તા:૧૯/૧૨/૧૬ થી ત્વરીત અસરથી અમલમાં આવેલ છે અને તે મુજબ પ્રોહી.એકટના કાયદાની કેટલીક સજાની જોગવાઈમાં સુધારો કરવામાં આવેલ હતો જે અન્વયે કાયદામાં પણ સુધારો પસાર કરી દેવામાં આવેલ છે. જે અન્વયે ગુજરાત નશાબંધી (સુધારા) પ્રોહી.એકટની કલમ–૬૫(ઈ) ની સજાની જોગવાઈ ૧૦ વર્ષ સુધીની કેદ અને રૂ.૫

લાખ સુધીનો દંડ તેવી જોગવાઈ કરવામાં આવેલ છે. આરોપી સામે આક્ષેપાયેલ ઉપરોકત ગુનાનો પ્રકાર, પ્રમાણ તથા સંભવિત સજાની જોગવાઈ તેમજ જામીન અરજીનો નિર્ણય કરતી વખતે લક્ષમાં લેવા પડતાં જરૂરી તમામ પાસાઓ ઘ્યાને લીધા. સદર કામે એલ.સી.બી. ઘ્વારા એક સાથે રેડ કરતા સદર કામે સદર આરોપી પાસેથી તેમના કબજા ભોગવટામાંથી મોટરસાયકલમાંથી વગર પરમીટે ૫૪ લીટર દેશીદારૂ જેની કુલ કિં. રૂા.૧૦,૮૦૦/- ની મત્તાનો દેશીદારૂનો જથ્થો મળી આવેલ છે જેથી સદર કામે મળી આવેલ દારૂનો જથ્થો આરોપીના સભાન કબજામાંથી મળી આવેલ હોય તે ઘ્યાને લેતા તેમજ કાયદાકીય જોગવાઈ વંચાણે લેતા અને હાલના તબકકે સદર ગુનાની તપાસ ચાલુ હોઈ સદર આરોપીને જામીન પર મુકત કરવો ન્યાયોચીત જણાતુ ન હોઈ ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## -:: હુ ક મ ::-

- સદર આરોપીની સદર જામીન અરજી **નામંજુર** કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ :- ૨૮/૦૩/૨૦૨૫.
અમદાવાદ શહેર.

**(પરેશ ભોગીલાલ નાયક)**
ત્રીજા એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં:૦૩, અમદાવાદ શહેર.
કોડ નં:જી.જે.૦૦૮૭૪